# <u>ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા</u>

# <u>(અઠવાડિક તા.૨૨/૦૭/૨૦૧૯ થી તા.૨૮/૦૭/૨૦૧૯)</u>

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

**<u>ખેડા જીલ્લાના વિદેશી દારૂના ગુનાઓમાં સંડોવાયેલ કુલ-૪ આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી એલ.સી.બી ખેડા-નડીયાદ તા.૨૫/૦૭/૧૯</u>**

ખેડા જીલ્લા પોલીસ અધિક્ષક સાહેબ નાઓએ જીલ્લામાં દારૂ જુગારની બદી દૂર કરવા તથા અગાઉ દારુની ફેરાફેરી તથા પ્રવૃત્તીમાં સંડોવાયેલ તેવા રીઢા ગુનેગારો વિરૂદ્ધ અટકાયતી પગલા લેવા આપેલ સુચના અન્વયે માતર પો.સ્ટે. પ્રોહિ ગુ.ર.નં. ૯૮/૧૯ પ્રોહી એકટ કલમ.૬૫ઇ, ૬૭એ, ૧૧૬બી, મુજબના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ વિરૂદ્ધમાં પ્રોહીબિશનધારા હેઠળના કેસમાં ઇ.પો.ઇન્સ. શ્રી. આર.કે.રાજપુત એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓએ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી મારફતે કલેક્ટરશ્રી ખેડા-નડીયાદ નાઓ તરફ મોકલી આપતા કલેક્ટરશ્રીનાઓએ દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઇશ્યુ કરતા સદરહુ આરોપીઓને તા.૨૫/૦૭/૧૯ ના રોજ અટક કરી વોરંટની બજવણી કરી આરોપીઓ પૈકી (૧) પ્રદિપકુમાર અમીલાલ આહીર (યાદવ) રહે. કકરોલા, તા.જી. મહીન્દ્રગઢ હરીયાણા નાઓને જીલ્લા જેલ સુરત ખાતે તથા (૨) અજરૂદ્દિન હકમુદ્દિન ગરીબા પઠાણ (મુસલમાન) રહે. ધાડોલી કલાજ, તા. ફિરોજપુર જી. નુહ, મેવાલ હરીયાણા નાઓને જીલ્લા જેલ જુનાગઢ ખાતે તથા (૩) નાસીર સ/ઓ ઇસરાઇલ ઇબ્રાહીમ ખાન (મુસલમાન) રહે. ધાડોલી સ્કુલ પાસે તથા જંગલ વિસ્તાર ખેતરમાં, તા. ફિરોજપુર જી. નુહ, મેવાલ હરીયાણા નાઓને જીલ્લા જેલ ભુજ ખાતે તથા (૪) રાજકુમાર ઉર્ફે રાજુ સ/ઓ ગુરુસીંગ રામલાલ આહિર (યાદવ) ગામ બહુઆ મેઇનરોડ, બસ સ્ટેશન રોડ, તા. કોસલી જી રેવાડી, હરીયાણા નાઓને જીલ્લા જેલ પાલનપુર ખાતે મોકલી આપેલ છે.



**<u>ખેડા ટાઉન પો.સ્ટે હદમાંથી સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં દેશી દારૂની હેરાફેરી કરતા એક ઇસમને ઝડપી પાડતી એલ.સી.બી. ખેડા નડીયાદ તા.૨૭/૦૭/૨૦૧૯</u>**

મહેરબાન.ડી.જી.પીશ્રી ગુ.રા ગાંધીનગર નાઓએ રાજ્યમાં દારૂ બંધીના કડક અમલ માટે દિન-૨ની સ્પેશીયલ પ્રોહી ડ્રાઇવનું આયોજન કરેલ જે ડ્રાઇવ અનુસંધાને ખેડા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ અસરકારક પેટ્રોલીંગ કરી દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ કરતા ઇસમો તથા લીસ્ટેડ બુટલેગરો ઉપર વોચ તપાસ રાખી રેઇડો કરી સદર ડ્રાઇવને સફળ બનાવી આવી બદીને ડામી દેવા કરેલ સુચનાની અમલવારીના ભાગરૂપે શ્રી આર.કે.રાજપુત ઇ.પો.ઇન્સ.શ્રી એલ.સી.બી. નાઓના માર્ગદર્શન મુજબ આજરોજ એલ.સી.બી. સ્ટાફના અ.હે.કો. ચંન્દ્રકાન્ત,પો.કો. કુંદનકુમાર, પો.કો.રાહુલ, પો.કો કેતનકુમાર વિગેરે પોલીસ માણસો ખેડા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો. રાહુલકુમાર તથા પો.કો કેતનકુમાર નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે ખેડા ટાઉન પો.સ્ટે. હદના કઠવાડા પાણીયા ટેકરા પાસેથી સફેદ કલરની મારૂતી સ્વીફ્ટ ડીઝાયર નં. GJ-01-ET-6646 માં પ્લાસ્ટીકના મીણીયાના થેલાઓમાં ભરેલ કુલ-૪૬૨ દેશી દારૂ કિ.રૂ.૯૨૪૦/- સાથે આરોપી મહમદયુસુફખાન મહમદખલીલખાન પઠાણ રહે.અમદાવાદ, સરખેજ, તાજપીરનો ટેકરો, મ.નં. ૩૭ જયહિન્દ હોટલ પાછળ અમદાવાદ નાઓને સ્વીફ્ટ ડીઝાયર ગાડી, કિ.રૂ.૩,૦૦,૦૦૦/- રોકડા રૂ.૧૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૩,૨૦,૨૪૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી સદર પકડાયેલ ઇસમો વિરૂધ્ધ સાથેના પો.કો.રાહુલકુમાર નાઓએ ખેડા ટાઉન પોસ્ટે પ્રોહિબિશન ધારા હેઠળ ફરીયાદ આપેલ છે. આગળની વધુ તપાસ અ.હે.કો.ચંન્દ્રકાન્ત ગોવિદભાઇ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.



## મહુધા પોસ્ટે હદ વિસ્તારમાં જુગાર રમતા કુલ-૪ જુગારીયાઓને ઝડપી પાડી જુગારનો કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૨૬/૦૭/૨૦૧૯

પોલીસ અધિક્ષક સાહેબશ્રી ખેડા-નડીયાદ નાઓએ દારૂ-જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે જીલ્લા પ્રોહિ/જુગારના લિસ્ટેડ બુટલેગરો ઉપર અવારનવાર રેઇડો કરી તેમજ જીલ્લામાં આવેલ ફાર્મ હાઉસ/ગોડાઉનોને પેટ્રોલીંગ દરમ્યાન અવાર-નવાર ચેક કરી પરીણામલક્ષી કામગીરી કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને આજ તા.૨૬/૦૭/૧૯ના રોજ શ્રી આર.કે.રાજપુત ઇ.પો.ઇન્સ. એલ.સી.બી ખેડા-નડીયાદનાઓની સુચના મુજબ શ્રી એમ.એ.ઠાકોર તથા એલ.સી.બી.સ્ટાફના અહેડકો.રતેસિંહ, અ.હેડકો તુષારભાઇ, પો.કો નરેન્દ્રસિંહ, પો.કો.ગીરીશભાઇ, પો.કો રાહુલભાઇ, નાઓ મહુધા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હેડકો તુષારભાઇ તથા પો.કો કેતનભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે મહુધા તાલુકાના અલીણા કબ્રસ્તાન વિસ્તારમાં આવેલ આંગણવાડી પાસે તારીફહુસેન જાકીરમીયા મલેક નાઓ કેટલાક ઇસમોને ભેગા કરી તીન પત્તી પત્તા –પાનાનો પૈસાથી હાર જીતનો આંકડાનો જુગાર રમી રમડતા હોય જે જગ્યાએ રેઇડ કરતા જુગાર રમતા કુલ ૪ ઇસમો (૧) તાહીરહુસેન જાકીરમીયા મલેક રહે અલીણા કાજીવાડો તા.મહુધા જી.ખેડા (૨) મુસીરખાન હબીબખાન પઠાણ રહે. અલીણા કાજીવાડો તા.મહુધા જી.ખેડા (૩) વસીમઅક્રમ ઇસુબભાઇ વ્હોરા રહે.અલીણા વ્હોરવાડના નાકે તા.મહુધા જી.ખેડા (૪) સમીરખાન શાબીરખાન પઠાણ રહે.અલીણા પથ્થર ટોલા તા.મહુધા જી.ખેડા -નાઓની અંગ જડતીમાંથી મળેલ રોકડા રૂપીયા- ૯૭૫૦/- તથા દાવ ઉપરથી મળેલ રોકડા રૂ.૨૮૦૦/- તથા પત્તા પાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ.૪૦૦૦/- તથા બાઇક નંગ-૪ કિ.રૂ.૬૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૮૨,૫૫૦/- ના જુગારના સાધનો સાથે મળી આવતા ઉક્ત પકડાયેલ તમામ ઇસમો નાઓના વિરૂદ્ધ મહુધા પો.સ્ટે. જુગારા ધારા કલમ ૧૨ મુજબ પો.કો.કેતનભાઇ નાઓએ ફરીયાદ આપેલ છે. આગળની વધુ તપાસ મહુધા પો.સ્ટે નાઓ નાઓ કરી રહેલ છે.